પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 17-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : TUESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****

1) પંચમહાલમાં નવા મેન્યુફેક્ચરિંગ યુનિટનું ભૂમિ પૂજન કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે વડોદરા, સાવલી, હાલોલ અને કાલોલનો વિસ્તાર હાઇ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર બનવા તરફ અગ્રેસર.
2) ડ્રગ્સ મુક્ત ભારતના અભિયાનને વધુ વેગવંતુ બનાવવા ગાંધીનગર ખાતે એન્ટી ડ્રગ્સ ટાસ્ક ફોર્સની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ.
3) ભારતીય વાયુસેના દ્વારા જામનગરના એરફોર્સ સ્ટેશન ખાતે ત્રણ દિવસિય સહાયતા સેતુ કવાયતનો આરંભ.
4) રાજ્યમાં આગામી બે દિવસમાં ઠંડી વધવાની હવામાન વિભાગની આગાહી.
5) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા 56 લાખના ઇનામ સાથેની 'સ્પેસટેક હેકાથોન 2026' ની જાહેરાત.
6) જનજાતિય ગૌરવ સપ્તાહ અંતર્ગત રાજ્યના વિવિધ સ્થળોએ પંરપરાગત રમતોની સ્પર્ધા યોજાઇ.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM TCM BHUMI PUJAN

પંચમહાલના હાલોલ તાલુકાના નુરપુરામાં ઊર્જા ક્ષેત્રની અત્યાધુનિક ઉત્પાદન સુવિધાવાળા નવા મેન્યુફેક્ચરિંગ યુનિટનું ભૂમિ પૂજન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતુ કે ટ્રાન્સફોર્મર એ વિકાસની કરોડરજ્જુ છે. તેમણે ઉમેર્યું કે "ગુજરાત એનર્જી કેપિટલ બન્યું છે. જ્યારે વડોદરા, સાવલી, હાલોલ અને કાલોલનો સમગ્ર વિસ્તાર હાઇ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર બનવા તરફ આગળ વધી રહ્યો છે

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

(ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટીએમસી ટ્રાન્સફોર્મર બે હજાર કરોડના રોકાણ સાથે પોતાનો બીજો અને આધુનિક પ્લાન્ટ સ્થાપી રહી છે. વીજળીને ઉત્પાદન ક્ષેત્રથી ઘરો અને ઇન્ડસ્ટ્રીઝ સુધી પહોંચાડવામાં આ ટ્રાન્સફોર્મર્સ હૃદય સમાન કાર્ય કરે છે. એટલે જ બીજી રીતે કહીએ તો ટ્રાન્સફોર્મર્સ એ વિકાસની કરોડરજ્જુ છે.)

KUTCH PANCHAYATI RAJ MINISTER MEETING

કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલે કચ્છના ધોળાવીરા ખાતે આયોજિત “પંચાયતી રાજ સંસ્થાઓમાં આવકના પોતાના સ્ત્રોતોનું એકત્રીકરણ” વિષય પરની સલાહકાર સમિતિની બેઠકમાં ભાગ લીધો હતો.

આ બેઠકમાં પંચાયતી રાજ સંસ્થાઓની નાણાકીય સ્વાયત્તતાને મજબૂત કરવા, તેમની પોતાની આવક ઊભી કરવાની ક્ષમતા વધારવા અને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે નાણાકીય સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.વિચાર-વિમર્શમાં ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે પાયાના સ્તરના શાસનને વધુ નાણાકીય રીતે સ્વતંત્ર, કાર્યક્ષમ અને જવાબદાર બનાવવાના મહત્વ પર ભાર મૂકાયો હતો.

બેઠકમાં મજબૂત ગ્રામીણ ભારતના નિર્માણ અને 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના પાયા તરીકે સશક્ત, નાણાકીય રીતે સુદૃઢ અને આત્મનિર્ભર પંચાયતોના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

DGP ANTF MEETING

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ડ્રગ્સમુક્ત ભારતની જાહેરાત બાદ ગુજરાત પોલીસ એક્શનમોડમાં આવી છે. 31 ડિસેમ્બર 2028 સુધીમાં ડ્રગ્સમુક્ત ભારત બનાવવાના લક્ષ્યાંકને પાર પાડવા માટે ગુજરાત રાજ્યના પોલીસ વડાની અધ્યક્ષતામાં ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

રાજ્યમાં નશીલા પદાર્થોના દૂષણને નાથવા પોલીસની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્ય પોલીસ વડાએ ડ્રગ્સના ગેરકાયદે નેટવર્ક સામે કાર્યવાહી વધુ સઘન બનાવવા અધિકારીઓને સૂચના આપી હતી. નશીલા પદાર્થોના વેપાર અને દૂષણને અટકાવવા પોલીસ તંત્ર વધુ સક્રિય રીતે કામગીરી કરવાની પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

SAHAYATA SETU EXERCISE

ભારતીય વાયુસેના દ્વારા જામનગરના એરફોર્સ સ્ટેશન ખાતે સહાયતા સેતુ કવાયતનો આરંભ થયો છે. 19 નવેમ્બર સુધી ચાલનારી આ કવાયતનો હેતુ સહભાગીતા સાથે માનવતાવાદી કટોકટીઓ અને જટિલ આપદા પરિસ્થિતિઓનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવાનો છે. બહુપક્ષીય સહયોગ, પ્રાદેશિક ભાગીદારી અને સામુહિક તૈયારીના મહત્વને ઉજાગર કરનારી આ કવાયતમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, કોમોરોસ, ઇન્ડોનેશિયા, અમેરિકા, મ્યાનમાર અને નેપાળ સહિતના દેશોનો સમાવેશ થાય છે.

WEATHER

રાજ્યમાં આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટડાની શક્યતાના પગલે ઠંડી વધવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. જોકે ત્યારબાદ લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઇટ રામાશ્રય યાદવ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)

(आने वाले सात दिनों के लिए हम गुजरात स्टेट के लिए फोरकास्ट की बात करेंगे तो गुजरात रीजन में और साथ ही सौराष्ट्र और कच्छ रीजन में ड्राई वेदर प्रिवेल करेगा और मिनिमम टेंपरेचर की बात करेंगे तो टेंपरेचर में दो से तीन डिग्री की गिरावट का पूर्वानुमान है अगले दो दिनों के लिए और हम गुजरात के विंड की डायरेक्शन की बात करेंगे जो वो नॉर्थ ईस्टर्ली टू ईस्टर्ली विंड प्रिवेल करेगी.)

JITU VAGHANI COW

ગુજરાતના કૃષિ અને પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ પોતાના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને વિશ્વપ્રસિદ્ધ દેશી ઓલાદની બે ગીર ગાય અને બે વાછરડી લાવીને પોતાનો ગૌ-પ્રેમ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે. પ્રાકૃતિક કૃષિના હિમાયતી અને ગૌ-પ્રેમી એવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મંત્રીશ્રીના નિવાસસ્થાને આ ગીર ગાયોનું શાસ્ત્રોક્ત વિધિથી ગૌ-પૂજન કર્યું હતું અને ગાયોને નિરાણ અર્પણ કરી મંત્રીશ્રીની આ ભાવનાને બિરદાવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાના મહત્વને ઉજાગર કરતાં ગાયોની યોગ્ય સારસંભાળ, પોષણ અને વૈજ્ઞાનિક ઢબે ગૌ-સંવર્ધન અંગે મંત્રીશ્રીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કૃષિ મંત્રીના નિવાસસ્થાને સંપૂર્ણપણે ગૌ-આધારિત પ્રાકૃતિક પદ્ધતિથી વિકસાવાયેલા 'કિચન ગાર્ડન'ની રાજ્યપાલે મુલાકાત લીધી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

FAMRES GUIDELINES

રાજ્યના ખેડૂતોએ આગામી શિયાળુ સિઝનમાં પાક વાવેતર માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે છેતરપીંડીથી બચવા માટે કેટલીક કાળજી રાખવાની હોય છે. ખેતી નિયામકની યાદીમાં જણાવ્યા અનુસાર ખેડૂતોએ હંમેશાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા નોંધાયેલા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. છેતરપિંડીથી બચવા માટે કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરીયાઓ અથવા શંકાસ્પદ તત્વો પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી ચીજ વસ્તુઓની ખરીદી કરવી નહીં.

વધુમાં જણાવ્યા અનુસાર બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઇનપુટનું નામ અને લોટ નંબર જેવી તમામ વિગતો દર્શાવતું પાકું બિલ સહી સાથે મેળવી લેવું અનિવાર્ય છે. આ ઉપરાંત, કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થઈ ગઈ હોય તેવા ઇનપુટની ખરીદી કે વાવેતર કરવું નહીં.

HECATHON 2026

રાજ્યમાં સ્પેસ ટેકનોલોજી આધારિત ઇનોવેશન અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને વેગ આપવા ગાંધીનગર ખાતેથી 'સ્પેસટેક હેકાથોન 2026'ની સત્તાવાર જાહેરાત કરાઇ છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાએ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ હેકાથોન અંતર્ગત નવીન વિચારો અને ટેકનોલોજીકલ સોલ્યુશન્સ રજૂ કરનારા સ્પર્ધકો માટે 56 લાખ રૂપિયાની માતબર ઈનામી રકમ રાખવામાં આવી છે.

જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ વિજેતાને 5 લાખ અને દ્વિતીય સ્થાન મેળવનારને 3 લાખ રૂપિયાના રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે.

(બાઇટ અર્જૂન મોઢવાડિયા, મંત્રી)

(ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા સ્પેસ ટેક હેકાથોન ૨૦૨૬ નું... ની જાહેરાત કરવામાં આવી છે અને આ હેકાથોનની અંદર જે નવા આઈડિયાઓ સાથે ભાગ લેનાર સ્પર્ધકો છે એના માટે ૫૬ લાખ રૂપિયા જેવું માતબર ઈનામ રાખવામાં આવ્યું છે. એક પ્લેટફોર્મ બનાવીને જે જે સમસ્યાઓ છે એનું સમાધાન સ્પેસ ટેકનોલોજી મારફતે કેવી રીતે થાય એના માટેનું આયોજન છે.)

IDF VISHVA DAIRY SUMMIT

ન્યૂઝીલેન્ડનાં ઓકલેન્ડમાં યોજાએલી IDF વર્લ્ડ ડેરી પરિષદમાં અમુલ ફેડરેશન અને દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી એ નિયામક મંડળના સભ્યો સાથે ભાગ લીધો હતો.

આ પરિષદમાંથી વૈશ્વિક ડેરી ક્ષેત્રના અનુભવો અને વિચારોનું આદાન-પ્રદાન કરવા, ડેરી ક્ષેત્રમાં થઈ રહેલી નવીનતાઓની જાણકારી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પદ્ધતિઓની માહિતી મળી, આ જ્ઞાન અને અનુભવ ડેરી ઉદ્યોગના વિકાસને નવી દિશા અને વધુ મજબૂતી આપશે.

PATAN FIRING

પાટણ શહેરના હાસાપુર વિસ્તારમાં આવેલા રોટલીયા હનુમાન નજીક આયુષ ટાઉનશીપ પાસે એક મોલ નજીક ફાયરિંગ થયું હતું. બનાવની જાણ થતા જ પાટણ એસપી સહિત એલસીબી, એસઓજી અને બી ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને ફાયરિંગ કયા કારણોસર અને કોના દ્વારા કરવામાં આવ્યું તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

(BYTE - PARESH RENUKA, DYSP PATAN)

(પાટણ સિટીમાં વહેલી સવારે એક ફાયરિંગનો ઇન્સિડન્ટ બન્યો હતો. એસએલની ટીમો સાથે ત્યાં સર્ચ એન્ડ સિઝર કરતા ગુનાવાળી જગ્યા ઉપરથી છ ખાલી કાર્ટિજ અમને મળી આવેલા હતા. હાલ આ બંને આરોપીને પકડવા માટે પાટણ સિટીના જે એન્ટ્રી એક્ઝિટ છે ત્યાં આગળ નાકાબંધી કરવામાં આવી છે. આ ઉપરાંત પાટણ સિટીમાં જેટલા પણ સીસીટીવી કેમેરાસ લાગેલા છે, તો આ તપાસના કામે આ સીસીટીવી કેમેરાને ચેક કરવામાં આવી રહ્યા છે અને આ રીતે જે બંને ઈસમો છે એને પકડવાની દિશામાં તપાસ ચાલુ છે.)

HIV HPA DNA TEST

અમદાવાદમાં સ્થિત ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા HIV પોઝિટિવ મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને HIV સારવારના ભાગરૂપે HPV DNA આધારિત સર્વાઇકલ કેન્સરના સ્ક્રીનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલ અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ART સેન્ટર મારફતે અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલને 'એક્સલન્સ ઇન પેશન્ટ કેર એન્ડ સર્વિસ ડિલિવરી' કેટેગરીમાં FICCI હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ 2026 પણ એનાયત કરવામાં આવ્યો છે.

HIV સાથે જીવતી મહિલાઓમાં હાઈ-રિસ્ક હ્યુમન પેપિલોમા વાયરસ (HPV)નું સંક્રમણ લાંબા સમય સુધી રહેવાનું અને તેના કારણે સર્વાઇકલ કેન્સર થવાનું જોખમ વધુ હોય છે. નિયમિત HIV સારવાર સાથે સર્વાઇકલ કેન્સર સ્ક્રીનિંગને સાંકળવાથી આ સંવેદનશીલ વર્ગની મહિલાઓમાં રોગનું વહેલું નિદાન, સમયસર સારવાર અને આરોગ્યલક્ષી પરિણામોમાં સુધારો લાવવાની તક મળે છે.

JANJATIYA GOURAV SPATAH 2026

ભગવાન બિસા મુંડાની 151મી જન્મજયંતી તેમજ 'જન જાતિય ગૌરવ સપ્તાહ' નિમિત્તે રાજ્યભરમાં આજે પંરપરાગત રમતોની હરિફાઇ યોજાઇ હતી. આ ઉજવણી અંતર્ગત છોટાઉદેપુર ના વસેડી આર્યરી ગ્રાઉન્ડ ખાતે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાના અધ્યક્ષસ્થાને પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.તેમણે ખો-ખો, તીરંદાજી, લીંબુ ચમચી, કોથળા કુદ જેવી રમતોમાં વિજેતા થયેલા રમતવીરોનો ચંદ્રકો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

(BYTE - RAJENDRA SINGH RATHVA)

(વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર લીંબુ ચમચી, ખો-ખો એવી અનેક દેશી રમતો રમી અને પોતાના કૌશલ્યને બતાવવાનું કામ એમને કર્યું છે. આવા કાર્યક્રમોથી જે વિદ્યાર્થીઓના માનસમાં ખેલદિલી અને ટીમ સ્પિરિટની ભાવના વધે એવા હેતુથી જનજાતીય ગૌરવ દિવસના ભાગરૂપે કાર્યો થઈ રહ્યા છે.)

આ ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લાના રાજપીપળાના નાંદોદ, ડેડીયાપાડા, ચીકદા અને સાગબારા ખાતે પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ યોજાયો ,જેમાં કબડ્ડી, ખો-ખો, આર્યરી અને દોરડા ખેંચ જેવી દેશી રમતોમાં સ્થાનિક યુવાનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

ભરૂચ જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારનો પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ માં સાંસદ મનસુખ વસાવા અને ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ દોરડા ખેંચ અને લીંબુ ચમચી જેવી પરંપરાગત રમતો રમીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

'જ્યારે તાપી જિલ્લાના વ્યારા રમત સંકુલ ખાતે ધારાસભ્ય મોહન કોંકણી અને નિવાસી અધિક કલેક્ટરની ઉપસ્થિતમાં પૂર્ણાહૂતિ થઈ હતી. આ રમતોત્સવમાં લીંબુ-ચમચી, કોથળા દોડ, રસ્સાખેંચ, સાતોડિયું, ગીલ્લીદંડા, લગડી અને ભમરડા સહિતની વિવિધ પરંપરાગત રમતોનું આયોજન કરાયું હતું.

ડાંગ જીલ્લામાં પણ પંરપરાગત રમતોત્સવ યોજાયો હતો જેમાં વિજેતાઓને આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.